# દાદા જે.પી. વાસવાણી

વર્ષ ૨૦૦૧નો ડિસેમ્બર મહિનો. ચિન્મય મિશનની સુવર્ણજયંતિનો ભવ્યાતિભવ્ય ઉત્સવ મુંબઈમાં ઉજવાઈ રહ્યો હતો. પૂ૦ ગુરુજી તેજોમયાનંદજીના માર્ગદર્શન હેઠળ એક આધ્યાત્મિક નગરી ઉદ્‌ભવી હતી. અમદાવાદનો આખો પરમધામ પરિવાર ત્યાં હાજર હતો. યુવાકેન્દ્રના ધ્વનિત (રેડિયો મિર્ચી) અને ગણેશ (બ્ર૦ અથર્વણ ચૈતન્ય) તો મહિનાથી ત્યાં રાત-દિવસ દોડમદોડ કરતા હતા. યોગેશ, રશ્મિ, ભાર્ગવ સ્વયંસેવકો હતા. વહેલી પરોઢની તાજગીભરી ઠંડીમાં પૂ૦ ગુરુજીના આર્શીવચનથી કાર્યક્રમ શરૂ થાય અને સાંજે સુંદર મઝાના શામિયાણામાં હજારોની મેદની વચ્ચે પૂ૦ ગુરુજી ગીતાના અઢારમાં અધ્યાય ઉપર પ્રવચન કરે. મયૂરાસન પર મહારાજા બેઠા હોય તેવો વૈભવ પૂ૦ ગુરુજી વ્યાસપીઠ ઉપરથી જમાવે, થોડા મોડા પહોંચો તો તમને છેક આગળ (ધૂળમાં) પલાઠી વાળીને બેસવાની જગ્યા પણ ન મળે, ખુરશીની તો વાત જ છોડો ! એવામાં ચોથા દિવસે અમને વોલેન્ટીયર્સને જલ્દી યજ્ઞશાળા જવા મળ્યું, સરસ જગ્યા પણ મળી. સમય થઈ ગયો પણ ગુરુજી પ્રવચન માટે પધાર્યા નહીં. યજ્ઞશાળામાં અત્યંત શાંતિ અને સુંદર ધૂનો થોડા વધારે ગૂંજ્યા. થોડીક વાર પછી જોયું તો પૂ૦ ગુરુજી તેમની સાથે શ્વેતવસ્ત્રોમાં સજ્જ એવા કોઈ વડીલ વિદ્વાનને ખૂબ જ સંભાળથી વ્યાસપીઠ તરફ દોરી રહ્યા હતા. વિદ્વાનની થોડી આનાકાની છતાંય પૂ૦ ગુરુજી તેમને વ્યાસપીઠ ઉપર લઈ ગયા અને તેમને ત્યાં જ બેસાડ્યા. આ હતા દાદા જે.પી. વાસવાણી. વ્યાસપીઠ પર તેઓ બેઠા અને તેમની પાસે પૂ૦ ગુરુજી બેઠા, દાદા શ્વેત - ગુરુજી કેસરી - રેડિયન્ટ રેશમી પાનેતર અને રતુંબલ કિનાર હોય તેવું સૌંદર્ય વ્યાસપીઠમાં ચમક્યું ! ગુરુજીએ બધાને પૂ૦ દાદાનો પરિચય કરાવ્યો અને કહ્યું કે, “દાદાની વાણી તેમના હૃદયમાંથી આવે છે, જે ભગવાનના પ્રેમથી ભરેલું છે. તેઓ સુંદર વક્તા છે અને આજે આપણને જીવનની સફળતાના વીસ સૂત્રો સમજાવશે. લગભગ તો થોડા સૂત્રો થશે ત્યાં જ સમય પતી જશે અને પતશે એટલે પૂ૦ દાદા કહેશે કે વીસ નહીં આ જે સાત-આઠ કહ્યા છે, એટલા જ જીવનમાં ઉતારો તો ઘણું કામ બની જશે !” તો ચાલો આજે તમને પૂ૦ દાદાનો પરિચય કરાવું.

દાદા શ્રી જે.પી. વાસવાણીએ પોતાના તત્ત્વજ્ઞાન, માનવતાવાદ, શિક્ષક, જાણીતા લેખક, શક્તિશાળી વક્તા, અહિંસા, પ્રચારક, બિનસાંપ્રદાયિક આધ્યાત્મિક વડા તરીકે વિશ્વના લાખો લોકોના હૃદય જીતી લીધા છે.

આજે દાદા શ્રી જે.પી. વાસવાણી 'સાધુ વાસવાણી મિશન'ના આધ્યાત્મિક વડા છે. છેલ્લા પાંચ દાયકાથી તેઓ વિશ્વભરમાં પ્રેમ અને શાંતિનો સંદેશો ફેલાવી રહ્યા છે. ઘણા શ્રદ્ધાળુ લોકો પૂજ્ય દાદામાં પોતાના પ્રિયતમ પ્રભુની છબી નિહાળે છે.

દાદા શ્રી જે.પી. વાસવાણીનો જન્મ ૧૯૧૮માં સિંધ - હૈદરાબાદ મુકામે પવિત્ર સિન્ધી પરિવારમાં થયો. તેઓ એક તેજસ્વી વિદ્યાર્થી હતા. તેમની ઘણીવાર ડબલ પ્રમોશન કરીને ઉપરના વર્ગમાં ચઢાવવામાં આવ્યા, તેથી તેઓ માત્ર ૧૭ વર્ષની ઉંમરે B.Sc. થયા. તેમણે M.Sc.નો મહાનિબંધ "The scattering of X-rays by Solids" નોબલ પારિતોષિક વિજેતા ડૉ. સી.વી. રામને ચકાસ્યો. દાદાના અભ્યાસનું તારણ ડૉ. રામનના તારણ કરતા અલગ હતું પણ નિબંધની મૌલિકતાએ તેમને પ્રભાવિત કરી દીધા! દાદાએ પોતાની ઝળહળતી શૈક્ષણિક કારકિર્દી છોડીને તેમના કાકા અને ગુરુ, સાધુ શ્રી ટી.એલ. વાસવાણીની મશાલ આગળ ધપાવી. પોતાના માલિકના વિચારોને આગળ વધારવા તેમણે ત્રણ માસિકોનું સંપાદન કર્યું. તેમનું યુવાનો માટેનું માસિક "The Excelsior" એટલું પ્રસિદ્ધ થયું કે તેનો ફેલાવો 'સિન્ધ ઓબઝર્વર' દૈનિક કરતા પણ વધી ગયો.

૧૯૬૬માં જ્યારે સાધુ શ્રી ટી.એલ. વાસવાણીએ શરીરનો ત્યાગ કર્યો ત્યારે તેમણે બધી જવાબદારી દાદા વાસવાણીને સોંપી. દાદાએ પચાસથી વધારે પુસ્તકો લખ્યા છે. દાદાના લખાણોમાં સુખી, સફળ, આધ્યાત્મિક અને અહિંસક બનવાની પ્રેક્ટિકલ શિખામણ મળે છે.

દાદાની વાતો ખૂબ સરળ અને પ્રેરક હોય છે. દાદા તો ખૂબ વિનમ્રતાથી કહે કે, "તમે તો એક વિરાટ લોહચુંબક છો, હે ભગવાન ! હું એક લોખંડનો નાનો કણ બની શકું તો કેવું ?" દાદા પ્રેમ અને કરુણાના પ્રતીક છે. પૂજ્ય દાદાજી કહે છે કે, "જેમ મહેનત કરવી, બુદ્ધીને કુશાગ્ર બનાવવી, પરિશ્રમ કરવો આવશ્યક છે તેવી જ રીતે હૃદયનું ઘડતર પણ અત્યંત જરૂરી છે. જો તમે સુખી થવા માંગતા હો તો બીજાને સુખી કરો."

સંત મળે તો મહાસુખ પામું, ગુરુજી મળે તો મેવા.
આનંદ મંગળ કરું આરતિ, હરિ ગુરુ સંતની સેવા.

ચિન્મય પ્રમા, જાન્યુઆરી ૨૦૧૧